# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૦મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬-સુરત ૧૮મા બાગાયત મેળો અને ફલાવર શો,૧૦મા શિલ્પગ્રામ મેળો તથા ફૂડ ફેસ્ટીવલનું તા.૨૨/૦૨/૨૦૨૬ થી ૦૧/૦૩/૨૦૨૬ ( ૮ -દિવસ) સુધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ઉધના મગદલ્લા રોડ,સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આજરોજ પુસ્તક મેળાના ત્રીજા દિવસે રેડીયન્ટ સ્કુલના, સર્વોદય કોલેજના, સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળા નં.૬,૧૨,૨૪,૨૫ના અને નગર પ્રાથમિક શાળા નં.૩૭ના વિધાર્થીઓએ આ પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી અને આકર્ષણનું કેંદ્ર તેમજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તકો પર આધારિત થીમ પેવેલિયન - Visionary's Vault,, Words That Build a Nation તેઓ દ્વારા લિખિત પુસ્તકો તથા તેમના જીવન-કવન, કાર્યો,સુશાસન અને તેમની વિચારધારા પર અન્ય લેખકો દ્વારા લખાયેલ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રદર્શન નિહાળી વિવિધ ભાષા, વિષયોનાં સાહિત્યમાં મોટીવેશનલ બુક માટે પ્રખ્યાત લેખકો દ્વારા લિખિત કલેકશનની પુસ્તકો નિહાળી હતી. વધુમાં તેઓએ સેલ્ફી સ્ટેન્ડીમાં સેલ્ફી લીધી હતી.

આવતીકાલે બપોરે ૦૧.૦૦ થી ૨.૩૦ દરમ્યાન રોલ ઓફ જનરેટીવ એ.આઇ. ફોર કોલેજ સ્ટુડન્ટસ પર ડૉ. ભૌતિક શેઠનુ વ્યાખ્યાન,સાંજે ૬.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન પુસ્તકો સાથે મૈત્રી પર ડૉ. દક્ષેશ ઠાકરનું વ્યાખ્યાન,સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન ડૉ. રઇશ મણિયાર અને ટીમ દ્વારા કવિ સંમેલન યોજાશે.

આજરોજ સદર પુસ્તક મેળામાં અંદાજિત ૧૦,૦૦૦ વ્યકિતઓએ મુલાકાત લીધી હતી .

**જનસપંર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા સમાચાર યાદી નં.૫૯૮ , તા.૨૪/૦૨/૨૦૨૬**


Surat
SMART CITY
SWACHH
SURVEKSHAN
2025-26
SWAMI VIVEKANAND
NATIONAL BOOK FAIR
2026 - SURAT




YUVA UPNISHAD
PUBLICATION
દરેક માટે અવનવા પુસ્તકોનો ખજાનો
K Books
ગુજરાત પુસ્તકાલય

